Satyameve Jayate

Dr. H.F. Patel

Additional Director (Public Health)

Office of the Commissioner, Health, Medical Services and
Medical Education Research
Block N0. 5/2, Dr. Jeevraj Maheta Bhavan,
Ganjdinagar-382010, Gujarat
Phone No. 079-23257948, Fax N0. 23254544
Email: adph.gujarat@Gamail.com
Adir-hlt@gujarat.gov.in

No.ANI./EPC-21/Kerala/Maharashtra/Pravasio/Babat/2021 Dt. 28.08.2021

To,

- Chief District Health Officer, Health Department, District Panchayat……all.
- Health Officer, Municipal Corporation, All.

**Subject:- SCREENING OF PASSENGERS TRAVELLED FROM KERALA AND MAHARASHTRA REGARDING.**

It is to inform on the subject cited above that at present, a number of cases of COVID-19 are come to notice in Maharashtra, Kerala, Karnataka, North East etc. States of the Country. During the last 3 days, 20 to 30 thousand cases are noticed in the State of Kerala. However, movement of passengers is continuing from Kerala and Maharashtra States. Keeping in view of above, screening of passengers coming from Kerala is very necessary to minimize cases of COVID-19 in the State. Therefore, following directions are hereby given to all Districts and Corporations for passengers coming from Kerala and Maharashtra.

(1) Thermal Screening to be done and check Vaccination status of every passenger.
(2) Rapid test to be done in respect of persons found suffering from the decease and immediately isolate accordingly.
(3) If Antigen test is found negative than send sample for RTPCR.
(4) If person found positive than admit for treatment as per the guidelines and Genome Sequence be done.
(5) If no Symptoms found in person and he taken two dose of Vaccination and period of 15 days is completed than person may be allowed to go to home.

(6) If person do not have Symptoms but yet to take Vaccination than he may be advised to take the same and be advised to monitor himself for a period of 14 days and ask to send details to medical officer for follow up.

Arrangement for medical teams to be made at All Railway Stations, Bus Stations, Airports and Check Posts connecting to Maharashtra and reporting by 4:00 hrs. evening on day-by-day basis.

Sd/-

**Dr. H.F. Patel**

Additional Director (Public Health)

Copy dispatched:

- Additional Chief Secretory, Health and Family Welfare, Secretariate, Gandhinagar.
- Secretory to Commissioner Health, Medical Services and Medical Education, Gandhinagar.
- Mission Director Shri N.H.M., Gandhinagar
- Commissioner, Municipal Corporation, …all
- Collector District Sevasadan…all

સત્યમેવ જયતે

**ડૉ. એચ.એફ.પટેલ**
અધિક નિયામક (જાહેર આરોગ્ય)

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી,
બ્લોક નં. ૫ / ૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦, ગુજરાત.
ફોન નં.૦૭૯–૨૩૨૫૭૯૪૮ ફેક્સ નં.૨૩૨૫૪૫૪૪
Email: adph.gujarat@gmail.com
adir-hlt@gujarat.gov.in

**નં.અનિ./ઈપીસી–૨૧/કેરાલા/મહારાષ્ટ્ર/પ્રવાસીઓ/બાબત/૨૦૨૧/** **તા.૨૮/૦૮/૨૦૨૧**

**પ્રતિ,**

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત,.....તમામ.
- આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા,.....તમામ.

**વિષયઃ–** કેરાલા અને મહારાષ્ટ્ર માંથી આવતા પ્રવાસીઓના સ્ક્રીનીંગ બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે દેશના મહારાષ્ટ્ર, કેરાલા, કર્ણાટક, નોર્થ ઈસ્ટ વિગેરે રાજયોમાં હાલમાં કોવિડ–૧૯ ના કેસોમાં વધારો નોંધાયેલ છે. કેરાલા રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૦ થી ૩૦ હજાર જેટલા કેસો નોંધાયેલ છે. કેરાલા અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી ગુજરાતમાં પણ પ્રવાસીઓ આવતા–જતા હોય છે. જેના અનુસંધાને રાજ્યમાં પણ કોવિડ–૧૯ ના કેસોની સંખ્યામાં વધારો ન થાય તે માટે કેરાલાથી આવતા પ્રવાસીઓ માટે સ્ક્રીનીંગ કરવામાં આવે તે ખુબજ જરૂરી જાણાય છે. જેથી કેરાલા તેમજ મહારાષ્ટ્રથી આવતા પ્રવાસીઓ માટે દરેક જિલ્લા તથા કોર્પોરેશનને નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

(૧) દરેક પ્રવાસીઓનું થર્મલ સ્ક્રીનીંગ કરવું અને વેક્સિનેશન સ્ટેટ્સ તપાસવું.
(૨) વ્યક્તિને રોગના લક્ષણો જણાય તો તેનો રેપીડ ટેસ્ટ કરવો અને તેમને આઈસોલેટ કરવો.
(૩) એન્ટીજન ટેસ્ટ નેગેટીવ આવે તો આર.ટી.પી.સી.આર. માટે સેમ્પલ મોકલવું.
(૪) પોઝીટીવ આવેલ વ્યક્તિને ગાઈડલાઈન મુજબ દાખલ કરી સારવાર કરવી તેમજ તેનું જીનોમ સિકવન્સીંગ કરાવવું.
(૫) જો વ્યક્તિને કોઈ લક્ષણો ન હોય અને તેને વેક્સિનના બે ડોઝ લીધા હોય તથા તેને ૧૫ દિવસ થયા હોય તેઓને ઘરે જવા દેવા.
(૬) જો વ્યક્તિને લક્ષણો ન હોય અને વેક્સિન લેવાની બાકી હોય તો તેને તાત્કાલિક વેક્સિન લેવાની સલાહ આપવી, વ્યક્તિને ૧૪ દિવસ માટે પોતાના સ્વાસ્થ્યનું સેલ્ફ મોનીટરીંગ કરવા જણાવવું તથા તેની વિગતો સબંધિત મેડીકલ ઓફીસરને ફોલોઅપ માટે મોકલી આપવી.

ઉપરોકત કામગીરી માટે આપના જિલ્લાના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ તથા મહારાષ્ટ્ર સાથે જોડાયેલી ચેકપોસ્ટ ખાતે મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવાની રહેશે અને તેનું દૈનિક ધોરણે સાંજે ૪:૦૦ વાગ્યા સુધીમાં રીપોર્ટીંગ કરવાનું રહેશે.

**ડૉ.એચ.એફ.પટેલ**
અધિક નિયામક (જાહેર આરોગ્ય)

**નકલ સવિનય રવાનાઃ–**

- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પ.ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી વ કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મિશન ડાયરેકટરશ્રી, એન.એચ.એમ., ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા,.....તમામ.
- કલેકટરશ્રી, જિલ્લા સેવા સદન,.....તમામ.



Scanned with CamScanner